# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૧૬ તા.૨૦-૧૨-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ડીજીટલ ગુજરાત પોર્ટલ (કમીશન સર્વિસ પોર્ટલ) માં આગામી વર્ષ ૨૦૧૭-૧૮ માં શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજના ઓનલાઈન કરવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે **ડીજીટલ ગુજરાત પોર્ટલ (કમીશન સર્વિસ પોર્ટલ) માં આગામી વર્ષ ૨૦૧૭-૧૮ થી શિષ્યવૃતિ/ગણવેશ સહાયનો લાભ સીધા વિદ્યાર્થીઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ચૂકવી શકાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ડીજીટલ ગુજરાત પોર્ટલ (કમીશન સર્વિસ પોર્ટલ) ડેવલોપ કરવામાં આવેલ છે.**

આથી તમામ મ્યુનિ.શાળાઓમાં ધો.૧ થી ૮ ધોરણમાં અભ્યાસ કરતા અનુ.જાતિ, અનુ.જન જાતિ. તેમજ અન્ય પછાત વર્ગની જાતિ (ઓબીસી) વિદ્યાર્થીઓની ઓન લાઈન કરવાની દરખાસ્ત બાકી હોય તેવી શાળાઓને દિન-૫ માં તાત્કાલિક દરખાસ્ત ઓનલાઈન કરવા સૂચના આપવામાં આવે છે. તે મુજબ અનુ.જાતિ, અનુ.જન જાતિ. તેમજ અન્ય પછાત વર્ગની જાતિ (ઓબીસી)ની ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે. આ એન્ટ્રી સમયમર્યાદામાં નહીં કરવામાં આવે તો આ અંગેની સઘળી જવાબદારી જે-તે મુખ્ય શિક્ષકશ્રીની રહેશે, જેની નોંધ લેશો.

તા.૨૦-૧૨-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી